ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુત્તમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૪૪ ટકા



સમગ્ર રાજ્યમાં એકતા રથયાત્રા થકી સરદાર પટેલનો સંદેશ પ્રસરાવવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટિના આગામી સરદાર જયંતિના દિવસે થનારા લોકાર્પણને અનુલક્ષીને આ એકતા રથયાત્રા સમગ્ર રાજ્યમાં ફરી રહી છે. ગાંધીનગરમાં એકતા રથયાત્રાના આગમન પ્રસંગે સેક્ટર-૧૨માં ઉમિયા માતાજીના મંદિરે હાસ્ય દરબારના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકારો શાહબુદ્દીન રાઠોડ અને ડૉ. જગદીશ ત્રિવેદીએ ઉપસ્થિત જનમેદનીને શુદ્ધ પારિવારિક મનોરંજન સાથેનો હાસ્યરસ પીરસ્યો હતો.

# ગાંધીનગર સિવિલમાં એડર્લરી હોમકેર આસીસ્ટન્ટની પ્રેકટીકલ તાલિમ અપાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં એક માસ સવારથી સાંજ સુધી એડર્લરી હોમકેર આસીસ્ટન્ટનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રેકટીકલ તાલિમ મેળવશે. વાડજ ખાતે આવેલ રેડકોર્ષ ખાતે આ વિદ્યાર્થીઓ થીયરીનો અભ્યાસ કરશે. સિનિયર સિટીઝન દર્દી માટે ઘરમાં સારસંભાળ માટે નર્સ રાખવામાં આવે છે, તેવી રીતે આ એડર્લરી આસીસ્ટન્ટનો અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓ કામ કરશે. જેમાં તેઓ દવા આપવી, શીરપ પીવડાવવી, દવા લગાવવી તે કામ કરશે, જયારે ઈન્જેંકશન કે બાટલો દર્દીને ચડાવી શકશે નહીં.

એડર્લરી હોમકેર આસીસટન્ટનો બે માસનો કોર્ષ છે. આ ધોરણ-૧૦ પાસ વિદ્યાર્થી ભાઈ બહેન કરી શકે છે. જયારે વાડજ રેડકોર્ષ ખાતે આ કોર્ષની થીયરીનો અભ્યાસ કરાવવામાં આવશે. ૨૦ તાલિમાર્થીઓને એક બેંચ રહેશે, જે થિયરીના અભ્યાસ બાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સવારથી સાંજ સુધી વિવિધ વિભાગમાં તાલિમ મેળવશે. જયારે જિલ્લા એનસીડી સેલના ડો.ચિંતન ઉપાધ્યાય દ્વારા પણ અઠવાડીયા સુધી બિનચેપી રોગ અંગે તાલિમ આપવામાં આવશે. જયારે સિનિયર સિટીઝન દર્દી બેડરેસ્ટ હોય ત્યારે આ તાલિમાર્થીઓ ઉપયોગી નિવડશે. જેમાં દર્દીનું બ્લડ પ્રેશર માપવું, સુગર ટેસ્ટ કરવો, બ્રશ કેવી રીતે કરવો, નખ કેવી રીતે કાપવા, દવા લગાવવી, પીવડાવવી અને દવા નિયમિત આપવા સહિતની કામગીરી આ હોમકેર આસીસ્ટન્ટ કરશે. જયારે ઈન્જેંકશન કે દવાનો બાટલો આ તાલિમાર્થી દર્દીને ચડાવી શકશે નહીં. નર્સિંગ સ્ટાફથી એક સ્ટેપ નીચે અને સર્વન્ટથી એક પગથીયું ઉપરનો કોર્ષ છે. જયારે ધો-૧૦ પછીનો કોર્ષ હોવાથી દર્દીની સંભાળ માટે આસીસ્ટન્ટનો પગાર પણ પરવડી શકે છે, જયારે નર્સિંગનો પગાર વધુ હોય છે. ગાંધીનગર સિવિલમાં પ્રેકટીકલ તાલિમ મેળવ્યા બાદ આ ક્ષેત્રે એક નવી રોજગારીની તક તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી છે. ઘરમાં પથારીવશ સિનિયર સિટીઝનની સારસંભાળ માટે તાલિમબધ્ધ એડર્લરી હોમ કેર આસીસટન્ટ ખુબ ઉપયોગી સાબિત થશે.

# દેના બેંકના કર્મચારીઓએ ભ્રષ્ટાચાર મુકત કાર્ય કરવાના શપથ લીધા

ગાંધીનગર, તા.૨૯

ભારત સરકાર દ્વારા સાર્વજનિક ક્ષેત્રમાં ઈમાનદારી અને સત્યનિષ્ઠા વધારવા માટેના પ્રયત્નો પર ભાર આપવામાં આવી રહ્યો છે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા અને જનતામાં જાગૃતતા લાવવાના હેતુથી દેના બેન્ક દ્વારા ''ભ્રષ્ટાચાર દૂર કરો—નવું ભારત બનાવો'' ની થીમ આધારિત સતર્કતા જાગૃતિ સપ્તાહ ૨૦૧૮ની ઉજવણી કરવામાં આવી રહી છે.

સતર્કતા જાગૃતતા અંતર્ગત દેના બેન્ક ગાંધીનગર વિભાગ કાર્યાલય દ્વારા આયોજિત કાર્યક્રમમાં અધિકારીઓ તથા કર્મચારીઓને દેના બેન્ક ગાંધીનગર અંચલ પ્રબંધક વી સી ઉપાધ્યાય દ્વારા નિષ્ઠાની પ્રતિજ્ઞાના રૂપમાં શપથ અપાવવામાં આવી હતી જેમાં અધિકારીઓને જીવનના દરેક ક્ષેત્રમાં ઈમાનદારી, લાંચ ન લેવા/આપવા માટે તથા ભય અને પક્ષપાત વગર કામ કરવાની સૂચના અપાઈ હતી. આ પ્રસંગે રાષ્ટ્રપતિનો સંદેશ સંજય કબાડ, ઉપ અંચલ પ્રબંધક દ્વારા અને ઉપરાષ્ટ્રપતિનો સંદેશ એ. પી. પરમાર, મુખ્ય પ્રબંધક દ્વારા તથા કેન્દ્રીય સતર્કતા આયોગનો સંદેશ રસિક ધૂળકોટિયા, પ્રબંધક દ્વારા બધા કર્મચારીને વાંચી સંભળાવવામાં આવ્યો હતો. ત્યારબાદ દેના બેન્કની દરેક શાખા/કાર્યાલયમાં બેન્ક કર્મચારીઓ દ્વારા સત્યનિષ્ઠાની પ્રતિજ્ઞા લેવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.




સતર્કતા જાગૃતિ સપ્તાહ અંતર્ગત દેના બેન્ક દ્વારા અનેક કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે જેમાં વકતૃત્વ સ્પર્ધા, રંગોળી કાર્યક્રમ, નિબંધ લેખન, સ્લોગન પ્રતિયોગિતા તેમજ ફરિયાદ નિવારણ શિબિર જેવા આયોજનો સામેલ છે. આ સાથે સતર્કતા જાગૃતિ આધારિત વિવિધ પોસ્ટર બનાવી દરેક શાખામાં લગાવવામાં આવ્યા છે.

## દિવાળી નિમિત્તે વનશ્રી ટ્રસ્ટનું સેવાકાર્ય

દિવાળીમાં જરૂરિયાતમંદ વર્ગના પરિવારો કારમી મોંઘવારીમાં નવા વસ્ત્રો ખરીદવા સક્ષમ ના હોય તેમને તહેવારના ટાણે મદદરૂપ બનવાના હેતુથી શહેરની વનશ્રી ટ્રસ્ટ દ્વારા એનઆઈસીએમ સંસ્થાની મદદથી સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં શહેરના નાગરિકો પાસેથી વસ્ત્રો, પગરખાં, સ્વેટર્સ, નોટબુક્સ, કંપાસ જેવી ચીજવસ્તુઓ એકત્ર કરી તેનું શહેરના સેક્ટર્સ-૩, ૯ અને ૨૪ સ્થિત ઝુંપડપટ્ટી વિસ્તારમાં નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યમાં વનશ્રી ટ્રસ્ટના સ્વયંસેવકો ઈશિતા જાદવ, હિતેશ્રી સોઢા, વિજય દેશવાલ, રિયા પ્રજાપતિ, તનાજ મનસુરી સહિત અન્ય સ્વયંસેવકો જોડાયાં હતા.



## ગાંધીનગર કોંગ્રેસ કાર્યાલય ખાતે બુધવારે પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તા.૩૧ ઓકટોબરને બુધવારના રોજ આપણા દિવંગત નેતા લોખંડી પુરુષ સ્વ.વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ અને ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન સ્વ.શ્રીમતી ઈન્દીરા ગાંધીની પુણ્યતિથી નિમિતે પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ બુધવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સેકટર-૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો, કોર્પોરેટર્સ, વિવિધ સેલના ચેરમેન, વોર્ડ પ્રમુખ, મહિલા કોંગ્રેસ, સેવાદળ,યુથ કોંગ્રેસ, એનએસયુઆઈ તેમજ શહેર કોંગ્રેસના દરેક કાર્યકરોને મોટી સંખ્યામાં હાજર રહેવા જણાવાયું છે.

## પીડીપીયુના વિદ્યાર્થીઓએ બાકોર ખાતે નેચર કેમ્પનો રોમાંચ માણ્યો






ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરની પીડીપીયુ સંલગ્ન સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ઓડિટ કોર્સ ૨૦૧૮ના ભાગરૂપે એકસ્પોઝર ટુ એનસીસી કાર્યક્રમ ચલાવાય છે જે અંતર્ગત વિદ્યાર્થીઓ માટે પંચમહાલ જિલ્લાના બાકોર ખાતે એડવેન્ચર કમ નેચર સ્ટડી ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસ માટે યોજાયેલ આ ટ્રીપમાં ૪૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ટ્રેકિંગ, કેમ્પિંગ, બર્ડ વોચીંગ, વનસ્પતિ અને પ્રાણી જગત ઓળખ જેવી પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો હતો.

ગાંધીગરથી અંદાજે સવાસો કિલોમીટર દૂરના બાકોર ખાતે આયોજિત સ્ટડી ટ્રીપમાં વિદ્યાર્થીઓએ ચાર જુથમાં વહેંચાઈને વિવિધ પ્રવૃત્તિઓ કરી હતી. સાહસિક અને પ્રકૃતિલક્ષી પ્રવૃત્તિઓ ઉપરાંત વિદ્યાર્થીઓએ પૌરાણિક કાલેશ્વરી માતાના મંદિરની મુલાકાત લઈ ૧૦મીથી ૧૭મી સદીના સ્થાપત્યોને નિહાળ્યા હતા. રાક્ષસી બકાસુરનું ઘર તરીકે ઓળખાતા બાકોરના જંગલમાં વિદ્યાર્થીઓએ વિવિધ વન્યજીવો જેવા કે નીલગાય, ચિંકારા, હનાહન, શિયાળ ઉપરાંત પક્ષીઓ જેવા કે સન બર્ડ, પેરાકિન, વોટર હેનુ, બુલબુલ, શ્રાઈક, ભારતીય રોબિન્સ વગરેને નિહાળી ઓળખવા પ્રયાસ કર્યો હતો. આ સાથે વિદ્યાર્થીઓએ રાત્રે ખુલ્લામાં સુવાનો, ગામઠી ભોજન જમવાનો અને પાણીના ધોધ વગેરેનો પણ રોમાંચ માણ્યો હતો.

## શહેરી બસ સેવાનો લાભ રાયસણ ગુડા આવાસના લાભાર્થીઓને કયારે..?

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં શહેરી બસ સેવાનો પ્રારંભ થઈ ગયો છે. ચિલોડાથી ચાંદખેડાના નાગરીકોને લાભ મળી રહ્યો છે. શહેરી વિસ્તારના આસપાસના મોટા ગામમાં પણ શહેરી બસ સેવા આવન જાવન કરે છે ત્યારે ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા રાયસણ ગામે શહેરી બસ સેવા શરુ કરવામાં આવી નથી. આ વિસ્તારમાં હજ્જારો મકાનો તેમજ મોટી યુનિવર્સિટીઓ આવેલી છે. રાયસણ ગુડાના મકાનમાં હજ્જારો વસાહતીઓ વસવાટ કરે છે. આ નાગરીકોને બસ સેવા નહીં મળતી હોવાથી રાયસણ પેટ્રોલ પંપ સુધી ચાલતા જવાનો વારો આવે છે. ત્યારે શહેરી બસ સેવા રાયસણ ગામ સુધી પણ કાર્યરત થાય તો તમામ ગુડના નાગરીકોને પણ આ સેવાનો લાભ મળી રહે તેમ છે. જેથી વિદ્યાર્થીઓ તેમજ ખાનગી નોકરી કરતા કર્મચારીઓને લાભ મળી શકે તેમ છે. દિવસ દરમિયાન તો નાગરીકો ચાલીને તેમજ રીક્ષા કરીને પણ પેટ્રોલ પંપ સુધી જતા રહે છે. પરંતુ સવાર અને સાંજના ૬ કલાક બાદ સ્થાનિક નાગરીકોને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. ત્યારે રાયસણ ગામ અને ગુડાના આવાસ, પેટ્રોલીયમ યુનિવર્સિટી, જીએનએલયુ તરફ શહેરી બસ સેવા શરુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

### ચિરવિદાય

- સ્વ. ભરતભાઈ પુરૂષોત્તમદાસ પંચાલ, ઉવ. ૫૫
- સ્વ. સોલંકી ભિખીબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૫૦

# સે-૭-સીમાં વિશિષ્ટ બાળકો સજાવી રહ્યા છે 'હેત'ના દિવડાં..!!

**હેત ફાઉન્ડેશનના માનસિક સ્પેશ્યિલ બાળકો ચાર માસથી ડિઝાઈનર દિવડાં તૈયાર કરવાની તાલીમ મેળવી રહ્યા છે : દિવડાંના વેચાણ થકી બાળકો તેમની દિવાળી અજવાળશે**

ગાંધીનગર, તા.૨૯

દિવાળીનો તહેવાર આવી પહોંચ્યો છે. દિવાળી એટલે ઉજાસ, દિવાળી એટલે ઉલ્લાસ અને દિવાળી એટલે અધિકારથી મુકિત, જો કે કેટલાકના નસીબમાં જીવનનો સંઘર્ષ એટલો હોય છે કે તહેવારનો આનંદ ઉલ્લાસ પુરતો માણવા સક્ષમ હોતા નથી. ગાંધીનગરના સેકટર-૭માં હેત ફાઉન્ડેશન દ્વારા માનસિક વિશિષ્ટ બાળકોને વોકેશનલ તાલીમ આપવાના વર્ગો ચલાવાય છે અને આ સ્પેશ્યલ બાળકોને દર દિવાળીએ વિવિધ ચીજવસ્તુઓ બનાવવાની તાલીમ આપી તેનું પ્રદર્શન તકી વેચાણનું આયોજન ગોઠવી બાળકોને આવક સાથે આત્મવિશ્વાસ કેળવવાની તાલીમ અપાય છે.

હેત ફાઉન્ડેશનના આ પ્રયાસ થકી સ્પેશ્યલ બાળકોના જીવનમાં કુશળતાના દિપ પ્રગટે છે જે તેમની દિવ્યાંગતામાંથી બહાર આવવા તરફ દોરી જવામાં મદદરૂપ થાય છે. છેલ્લા ચાર માસથી સંસ્થાના સેકટર-૭-સીમાં પ્લોટ નં. ૯૭૭/૨ ખાતેના તાલીમ કેન્દ્ર પર આ દિવાળી પ્રોજેકટ ચાલી રહ્યો છે. જેમાં સ્પેશિયલ બાળકો દ્વારા જુની કંકોત્રીઓમાંથી ડિઝાઈનર એન્વેલપ, વિવિધ આકારના માટીના દિવડાં જેવા કે થાળી, ફાનસ, ઝુમ્મર, સાથિયા, હેન્ગર, મટકી, દિયા વગેરેને ડેકોરેટ કરવાનું કામ શિખી રહ્યા છે. દિવા ડેકોરેટ કરવા માટે કલર, આભલાં, મોતી, રેશમની દોરી, ટીલડાં, કાચ વગેરેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બાળકોને આ કામની તાલીમ આપવા માટે સંસ્થાના સંચાલિકા મીરા ગઢવી ઉપરાંત ટ્રેનર હર્ષિદાબેન દવે, પરબતસિંહ ગઢવી, વિજય ગઢવી, તારક પંડયા અને શૈલેન્દ્ર સોલંકી જહેમત ઉઠાવી રહ્યા છે. આ કાર્યમાં અરૂણભાઈ ઠાકર અને રંજનબેન ઠાકર પણ મદદરૂપ બની રહ્યા છે બાળકો દ્વારા તૈયાર કરાયેલ ડિઝાઈન દિવડા તથા ડિઝાઈનર એન્વેલપ જેવી ચીજવસ્તુનું તાલીમ કેન્દ્ર પરથી વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેની આવક બાળકોના ઉત્કર્ષ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આમ તો દર વર્ષે હેત ફાઉન્ડેશનને અમદાવાદની કર્ણાવતી કલબ, રાજપથ કલબ, કેડિલા કંપની, ટીજીબી વગેરેના દિવાળી મેલામાં સ્ટોલ માટે આમંત્રિત કરાય છે. પરંતુ આ વર્ષે સંસ્થાએ ગાંધીનગરના તાલીમ કેન્દ્રથી જ ગાંધીનગરવાસીઓ માટે વેચાણ કરવાનો નિર્ણય કર્યો છે જેથી નગરજનો આ બાળકોને મદદરૂપ થઈ શકે. આ આઈટમો ખરીદવા માટે સંસ્થાના તાલીમ કેન્દ્ર પર અથવા સંચાલિકા મીરા ગઢવીનો સાંજે ૫.૩૦ વાગ્યા પછી મો.નં. ૯૪૨૯૦૯૨૩૦૬ પર અથવા ટ્રેનર હર્ષિદાબેનનો મો. ૯૫૫૮૧૮૪૯૬૫ પર સંપર્ક સાધી શકાશે.





## બાપુનગરની સહિયર ગરબા કલાસીસ બાળકો પર આફરિન

અમદાવાદના બાપુનગરના સહિયર ગરબા કલાસીસના દિપુભાઈ તિવારીને આ બાળકોનું કામ ગમી જતા તેમણે સંસ્થાને મદદરૂપ થવાના આશયથી એક સાથે રૂ. ૩૦ હજારના દીવડાં ખરીદી લેતા સંસ્થાનો આત્મવિશ્વાસ વધ્યો છે. દિપુભાઈએ બાળકોને તેમણે રાસલીલા પાર્ટી પ્લોટમાં યોજેલા ગરબામાં પણ નિમંત્રત કરી તેમની સાથે તમામ ખેલૈયા રાસ ગરબા રમ્યા હતા.

## બાળકોએ કઈ આઈટમો બનાવી છે?

હેત ફાઉન્ડેશનના માનસિક સ્પેશ્યલ બાળકોએ ચાર માસની મહેનતથી ડિઝાઈનર એનવલપ જે ચાંલ્લો કરવા માટે કવર વપરાય છે તેવા કવર ઉપરાંત માટીના વિવિધ ડીઝાઈનર દિવડાં જેમાં ૫ કે ૭ દિવાનું હેન્ગર, સાથિયા, થાળી, ઝુમ્મર, ફાનસ જેવા આકારના દિવાનો સમાવેશ થાયછે.